# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-11-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## બીજી વાયબ્રન્ટ ગુજરાત પરિષદો:

બીજી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદો આગામી 8 અને 9 જાન્યુઆરી એ રાજકોટમાં યોજાશે. કચ્છ અને સૌરાષ્ટ્રને કેન્દ્રમાં રાખીને યોજાનાર આ પરિષદોથી સૌરાષ્ટ્ર-કચ્છમાં વિકાસ, રોકાણ અને નવી તકોને પ્રોત્સાહન મળશે. તેમાં કૃષિ, ખાણકામ, પ્રવાસન અને ઔદ્યોગિક વિકાસ જેવા મુખ્ય વિષયો પર સેમિનાર યોજાશે.

રાજકોટ ખાતે યોજાનાર આ પ્રાદેશિક પરિષદો અગાઉ ડિસેમ્બરમાં 11 જિલ્લા-સ્તરીય કાર્યક્રમોનું આયોજન કરાયું છે. કચ્છ સહિત અમરેલી, ભાવનગર, બોટાદ, દેવભૂમિ દ્વારકા, ગીર-સોમનાથ, જામનગર, જૂનાગઢ,મોરબી, પોરબંદર અને સુરેન્દ્રનગરમાં જિલ્લાકક્ષાના કાર્યક્રમોનું આયોજન કરાશે.

-------------------------------------------------------------------------------------------

## જિલ્લામાં આજથી એકતા પદ યાત્રા:

રાજ્ય સરકાર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રવ્યાપી જન અભિયાન અંતર્ગત "યુનિટી માર્ચ" એટલે કે એકતા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રાની તૈયારીઓના ભાગરૂપે જિલ્લા કલેક્ટર આનંદ પટેલની અધ્યક્ષતામાં ભુજ ખાતે બેઠક યોજાઈ હતી.

જીલ્લામાં વિધાનસભા વિસ્તાર વાર એકતા યાત્રા સ્થાનિક મહાનુભાવો, પદાધિકારીઓ, રમતવીરો, સરકારી સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ, NCC, NSS, કોલેજો, વગેરેના સંયુક્ત સહકારથી યોજાશે.

યાત્રાના બહાર પાડવામાં આવેલા કાર્યક્રમ મુજબ, આજે  અબડાસા વિધાનસભા વિસ્તારમાં વિથોણથી નખત્રાણા સુધી એકતા યાત્રા યોજાશે. આવતીકાલે ભુજ વિધાનસભા વિસ્તારની યાત્રા એમ.એસ.વી હાઈસ્કૂલ માધાપરથી જ્યૂબિલી સર્કલ સુધી જયારે, ૧૯ મીએ ગાંધીધામ વિસ્તારની એકતા યાત્રા ઝંડાચોક આદિપુરથી નીકળીને સરદાર વલ્લભાઈ પટેલની પ્રતીમા, ગાંધીધામ સુધી યોજાશે. આ ઉપરાંત, ૨૦ મીએ માંડવી વિધાનસભા વિસ્તારની યાત્રા આશાપુર મંદિર પ્રાગપરથી નીકળીને ન્યૂ મુંદરા સુધી, તથા એજ દિવસે અંજારની એકતા યાત્રા નાની નાગલપરથી નીકળીને અંજાર શહેર ટાઉનહોલ સુધી યોજાશે. જયારે, રાપર વિસ્તારની એકતા યાત્રા ૨૨ મીએ કલ્યાણપર ગામથી શરૂ થઈને સ્વામીનારાયણ મંદિર રાપર પહોંચશે.

---

## જિલ્લામાં બાળ મૃત્યુ દર ઘટાડવા તાલિમ:

જીલ્લા મથક ભુજ ખાતેની જી. કે. જનરલ હોસ્પિટલ અને જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા બાળ મૃત્યુદર ઘટાડવા અને બાળકોને ત્વરિત સારવાર આપવા  એક સંકલિત આયોજન ઘડી કાઢવા માટે  જિલ્લાના ડોક્ટર્સ અને નર્સિસ બહેનો માટે  ત્રણ તબક્કામાં તાલીમ યોજાઇ હતી, જેમાં 100 જેટલા ડોક્ટર અને નર્સિસ બહેનોને તાલીમબદ્ધ કરવામાં આવ્યા હતા.

કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા સુધારેલી માર્ગદર્શિકા અંતર્ગત આ આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રેનિંગમાં આરોગ્ય વિભાગના તમામ તાલીમ સજ્જ ડોક્ટર્સ અને કર્મીઓ આગામી દિવસોમાં જિલ્લાના લગભગ 800 પાયાના આરોગ્ય કર્મચારીને તાલીમ આપશે. સમગ્ર જિલ્લાને આવરી લેનારી આ તાલીમને કારણે કચ્છના છેવાડાનાં ગામ સુધી બાળકોને વિવિધ રોગોમાં  સમયસર સારવાર ઉપલબ્ધ બનશે, જે  બાળ મરણનું પ્રમાણ ઘટાડવામાં મદદરૂપ બનશે તેવું જણાવાયું હતું.

---

## ગાંધીધામ પેચવર્ક રિસરફેસિંગ કામગીરી :

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા વિસ્તારમાં વિવિધ જગ્યાઓ પર પેચવર્ક તેમજ રીસરફેસિંગની કામગીરી શરુ કરવામાં આવી છે. ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ આ તમામ કામોની ગુણવત્તા જળવાય તે માટે  ઈસ્ટ ઝોનના સપનાનગર વિસ્તારમાં કરવામાં આવેલ પેચવર્ક કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. અને ચાલી રહેલ કામગીરી ની ગુણવત્તા તપાસવામાં આવી હતી. તથા જરૂરી સુચના આપવામાં આવી હતી.આવનારા દિવસોમાં રસ્તોના પેચવર્ક તેમજ રીસરફેસિંગની કામગીરી ઝુંબેશ સ્વરૂપે પૂર્ણ કરવામાં આવશે. તેવું મહાનગરપાલિકાની અખબાર યાદીમાં જણાવાયુ છે

---

## બાળ સાહિત્ય પુરસ્કાર-2025:

ગુજરાતની ત્રણ પ્રતિભાશાળી લેખિકાઓને રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીનો બાળ સાહિત્ય પુરસ્કાર 2025 એનાયત કરાયો.

આ વર્ષે રાષ્ટ્રીય બાળદીને નવી દિલ્હીના ત્રિવેણી કળા સંગમ ખાતે આ આયોજન કરાયું હતું. પુરસ્કાર પ્રાપ્ત ત્રણેય લેખિકાઓએ જેમાં કીર્તિદા બ્રહ્મભટ્ટનું “ટીંચક” ગુજરાતી ભાષા માટે, પ્રીતિ પૂજારાને “બાલવિશ્વમ” સંસ્કૃત ભાષા માટે અને હિના અગનાની ‘હીર’ ને - “આસમાની પરી” સિંધી ભાષા માટે આ પુરસ્કાર એનાયત થયા છે.

---

## ઘડાણી ગામની પ્રા.શાળાએ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું:

હાલમાં પર્યાવરણને બચાવવા માટે વૈશ્વિક સ્તરે ઝુંબેશ ચાલી રહી છે. છેલ્લા એક દાયકામાં પર્યાવરણ અને સિંગલ યુઝ પ્લાસ્ટિકના ખોટા ઉપયોગથી કેન્સર સહિતના ભયંકર રોગોનું પ્રમાણ ખૂબ વધ્યું છે, ત્યારે  નખત્રાણા તાલુકાના ઘડાણી ગામની પ્રાથમિક શાળાએ

વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. શાળાના 250 બાળકોએ 1,111 ઈકો બ્રિક્સ બોટલ એકત્ર કરી શાળા-ગામને પ્લાસ્ટિક મુક્ત કરવામાં યોગદાન આપ્યું હતું.

---

## હવામાન:

આગામી 7 દિવસ સુધી રાજ્યમાં વાતાવરણ સુકું રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર–પૂર્વ દિશામાંથી પવનો ફૂંકાશે, જેના કારણે આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે.

રાજ્યમાં બીજા દિવસે કચ્છના નલિયામાં 12 ડિગ્રી તાપમાન નોંધાતા તે રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું છે.

---